આવકવેરા મુક્તિ મર્યાદા વધવાના સંકેત

મહિલાઓ માટે મુક્તિ મર્યાદાને ૩,૫૦,૦૦૦ કરવાની માંગ : મેડિકલ અને શૈક્ષણિક ભથ્થાઓ તથા પરિવહન ભથ્થાઓમાં પણ વધારાની માંગ

નવી દિલ્હી,તા. ૧૩

બજેટ આજે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે જુદી જુદી રજુઆતોનો સીલસીલો શરૂ થઈ ગયો છે. પગારદાર વર્ગના કર્માચારીઓએ આવકવેરા મુક્તિ મર્યાદા વધારીને ત્રણ લાખ રૂપિયા કરવાની જોરદાર રજુઆત કરી છે. સાથે સાથે મેડિકલ અને શૈક્ષણિક ભથ્થાઓ જેવા ડિડેક્શનમાં વધારો કરવા પણ રજુઆત કરી છે. કેન્દ્રિય બજેટમાં શ્રેણીબદ્ધ પગલાઓ લેવા નાણાં મંત્રી ચિદમ્બરમ ગણતરી કરી રહ્યા છે. લોકોની ખરીદ શક્તિ વધે તે માટે રજુઆત કરવામાં આવી રહી છે. મોટા શહેરોને આવરીલઈને એસોચેમ દ્વારા કરવામાં આવેલા નવા સર્વેમાં જણાવવામાં આવ્યુ છે કે પગારદાર વર્ગ આઈટી મુક્તિ મર્યાદા ત્રણ લાખ રૂપિયા કરવામાં આવે તેવી ઈચ્છા રાખે છે. દિલ્હી-એમસીઆર, મુબઈ, કોલકાતા, ચેન્નઈ, બેંગ્લોર, અમદાવાદ, હૈદરાબાદ, પૂણે, ચંદીગઢ, દહેરાદુન જેવા મોટા શહેરોને આવરીલઈને કરવામાં આવેલા નવા સર્વેમાં જણાવવામાં આવ્યુ છે કે બજેટ ૨૦૧૩થી ઘણી અપેક્ષાઓ સામાન્ય લોકો રાખે છે. આ સર્વેના ભાગરૂપે જુદા જુદા વર્ગોના ૨૫૦૦થી વધુ કર્મચારીઓને આવરી લેવામાં આવ્યા હતા. ૮૯ ટકા લોકોએ એવો મત વ્યક્ત કર્યો હતો કે કરમુક્તિ આવકના સ્લેબ વાસ્તવિક ફુગાવા મુજબ આગળ વધી રહ્યા નથી. વર્તમાન મૂળભૂત મુક્તિ મર્યાદા બે લાખ રૂપિયાની છે જે વધારીને ત્રણ લાખ રૂપિયા થવી જોઈએ. સાથે સાથે મહિલાઓ માટેની મર્યાદા ૩૫૦૦૦૦ સુધી કરવી જોઈએ. આનાથી વ્યક્તિગતોની ખરીદ શક્તિમાં વધારો થશે.

બચત ટેક્સામાં કરદાતાઓની મર્યાદાઓને ધ્યાનમાં લેવામાં આવે તેવી રજુઆત થઈ રહી છે. સર્વેમાં જણાવવામાં આવ્યુ છે કે ડાયરેક્ટ ટેક્સ કોડ(ડીટીસી) અંગે સંસદીય સ્થાયી સમિતિ દ્વારા કરવામાં આવેલી દરખાસ્તો મુજબ કરવામાં આવે. આરોગ્ય સંભાળના ખર્ચાઓ સતત વધી રહ્યા છે. જેથી ૧૫૦૦૦ રૂપિયાની પ્રવર્તમાન કરવેરા મુક્ત મર્યાદા વધારીને ૫૦૦૦૦ કરવી જોઈએ. ઉપરાંત નોકરીના સ્થળ અને નિવાસ સ્થાન વચ્ચે અંતર માટે તેમના કર્મચારીઓને કંપની દ્વારા ચુકવવામાં આવતા પરિવહન ભથ્થાની મર્યાદા મહિને ૮૦૦ રૂપિયા થવી જોઈએ. એક દશક અગાઉ આ મર્યાદા નક્કી કરવામાં આવી હતી. હાઉસિંગ અને ડિડેક્શન લિમિટ ઓફ પેમેન્ટ ઓફ ઈન્ટરેસ્ટ પણ ૨૦૦૧ બાદથી ૧૫૦૦૦૦ રાખવામાં આવી છે. તેમાં પણ વધારો કરવાની રજુઆત થઈ છે. પ્રોપર્ટીની કિંમતમાં સતત વધારો થઈ રહ્યો છે. લોનની રકમ પણ વધી રહી છે. આવી સ્થિતિમાં મુક્તિ મર્યાદામાં વધારો ૨૫૦૦૦૦ સુધી રહે તે જરૂરી છે. એસોચેમના સર્વેમાં લોકોએ એવી રજુઆત પણ કરી છે કે ચોક્કસ મૂડીરોકાણ માટે રૂપિયા ૧૦૦૦૦૦ના ડિડેક્શનની જોગવાઈ આઈટી એક્ટની કલમ ૮૦(સી)માં કરવામાં આવી છે. આ જોગવાઈથી ભવિષ્યમાં તેમને મદદરૂપ થાય તે માટે બચત થાય છે. સામાન્ય વ્યક્તિ અપેક્ષા રાખે છે કે આ મર્યાદા ૫૦૦૦૦ની પેટા મર્યાદા સાથે ૨૦૦૦૦૦ થવી જોઈએ. પેન્શન અને વિમા જેવા ક્ષેત્રો માટે પણ રજુઆત થઈ છે. સર્વેમાં ફાઈનાન્સિયલ સર્વિસ, એન્જિનિયરીંગ, ટેલિકોમ સેક્ટરમાં કામ કરતા લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

પગારદાર વર્ગની માંગ....

- આવકવેરા મુક્તિ મર્યાદા વધારીને ત્રણ લાખ કરવા રજુઆત
- કેન્દ્રિય બજેટમાં મેડિકલ અને શૈક્ષણિક ભથ્થાઓમાં ડિડક્શન કરવા માંગ
- ખરીદ શક્તિમાં વધારો થાય તેવી રજુઆત કરવામાં આવી
- ઈન્કમટેક્સના સ્લેબ વાસ્તવિક ફુગાવા મુજબ રાખવાની જરૂર
- હાલમાં મૂળભૂત આવકવેરા મુક્તિ મર્યાદા બે લાખ છે
- મહિલાઓ માટે મર્યાદા ૩૫૦૦૦૦ કરવાની માંગ
- હેલ્થકેરના વધતા ખર્ચને ધ્યાનમાં લઈ ટેક્સ મુક્તિ મર્યાદા ૧૫૦૦૦થી વધારીને ૫૦૦૦૦ કરવાની માંગ
- કંપની દ્વારા આપવામાં આવતા પરિવહન ભથ્થાને પ્રતિ મહિને ૮૦૦ કરવાની પણ માંગણી
- હાઉસિંગ સાથે સંબંધિત વધારાના લાભમાં ડિડક્સન લીમીટ ફોર પેમેન્ટ ઓફ ઈન્ટરેસ્ટ ૨૫૦૦૦૦ કરવાની માંગ

ચિદમ્બરમ સમક્ષ લોકપ્રિય સ્કીમ રજુ કરાશે

બજેટ અંગે કોંગ્રેસ નેતાઓ સાથે આજે મહત્વની બેઠક

નવી દિલ્હી,તા. ૧૩

નાણાંમંત્રી પી ચિદમ્બરમ આવતીકાલે જુદી જુદી પ્રકારની અપેક્ષા વચ્ચે કોંગ્રેસના નેતાઓ સાથે વાતચીત કરનાર છે. એવી શકયતા દેખાઈ રહી છે કે મધ્યમવર્ગ અને યુવાનોને આકર્ષિત કરવા અને ખેડૂતોને ખુશ કરવા ખાસ પગલાની રજુઆત કોંગ્રેસના નેતાઓ દ્વારા કરવામાં આવશે કારણ કે ઘણા રાજયોમાં આ વર્ષમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. પ્રધાન એઆઈસીસીના હેડકવાર્ટર ખાતે જશે અને વાતચીત કરશે. આ વાતચીત દરમિયાન ૨૦૧૩-૧૪ બજેટ માટે ઈચ્છાની યાદી રજુ કરવામાં આવશે કારણ કે લોકસભાની ચૂંટણી આડે હવે વધારે દિવસો રહ્યા નથી. આઈટી મુક્તિ મર્યાદામાં વધારો કરવા માટે રજુઆતની સાથે સાથે આગામી બજેટમાં ગરીબી નાબૂદી કાર્યક્રમો માટે ફાળવણી વધારવાની રજુઆત કરવામાં આવશે.

ખેડૂતો માટે ખાસ યોજનાઓની પણ રજુઆત કરવામાં આવશે. કોંગ્રેસના નેતાઓ ઈચ્છે છે કે ખુબજ આશાસ્પદ બજેટ રજુ કરવામાં આવે તે જરૂરી છે.

આર્થિક સુધારાઓની સાથે સાથે લોકપ્રિય સ્કીમો પણ બજેટમાં હોવી જોઈએ. યુપીએ-૨ સરકારનું આ છેલ્લુ બજેટ હશે. ૨૦૧૪માં ચૂંટણીના સંબંધમાં વોટ ઓન એકાઉન્ટ રહેશે. ચિદમ્બરમ વર્ષ ૨૦૧૩-૧૪માં મહેસૂલી ખાદ્ય ૫.૩ ટકાથી ઘટાડીને ૪.૮ ટકા સુધી લાવવાની યોજના ધરાવે છે. તીવ્ર મોંઘવારી વચ્ચે કરદાતાઓને રાહત આપવા આવકવેરા મુક્તિ મર્યાદાને વધારવાની રજુઆત કરવામાં આવશે. ભાજપના નેતા યશવંત સિંહાના નેતૃત્વમાં સ્થાયી સમિતિ દ્વારા આવકવેરા મુક્તિ મર્યાદા વધારીને ત્રણ લાખ કરવાની વાત કરી હતી. પક્ષના નેતાઓનું કહેવું છે કે ઘણા નવા કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવશે. ફુડ સિક્યુરિટી લો, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર પર ચર્ચા થશે. કોંગ્રેસના નેતાઓ પોત પોતાની રજુઆતોને લઈને સજ્જ છે. ૨૧મી ફેબ્રુઆરીથી બજેટ સત્ર શરૂ થનાર છે જયારે ૨૮મી ફેબ્રુઆરીના દિવસે બજેટ રજુ કરવામાં આવનાર છે.

અમિતાભ બચ્ચન હવે ટીવી સિરિયલમાંય ભૂમિકા કરશે

મુંબઈ,તા. ૧૩

૭૦ વર્ષિય સુપરસ્ટાર અભિનેતા અમિતાભ બચ્ચન મોટા બજેટથી બનનારી એક ટેલિવિઝન સિરિયલમાં નજરે પડે તેવી શકયતા છે. અમિતાભ બચ્ચન મોટી વયની દિશામાં વધી રહ્યા છે ત્યારે ટેલિવિઝન દ્વારા પણ અમિતાભ બચ્ચનની લોકપ્રિયતાનો લાભ લેવાના પ્રયાસમાં છે. ટેલિવિઝનની



દુનિયામાં અમિતાભ બચ્ચન દ્વારા રજુ કરવામાં આવતા ગેમ શો કૌન બનેગા કરોડપતિએ નવો ઈતિહાસ સર્જ્યા બાદ હવે ટેલિવિઝન સિરિયલમાં પણ તેની લોકપ્રિયતા જળવાય તેવી શક્યતા છે. મળેલી માહિતી મુજબ અમિતાભ બચ્ચને હાલમાં જ કેબીસીની છઠ્ઠી સિઝનમાં કામ પૂરુ કરી લીધુ છે. એવી ચર્ચા છે કે આ વર્ષે મોડેથી એક ટીવી સિરિયલ રજુ થશે જેમાં અમિતાભ દરરોજ નજરે પડશે. તેમના બેનર એબીસીએલ દ્વારા આનું નિર્માણ કરવામાં આવનાર છે.

પ્રથમ વખત બચ્ચન આ શોમાં ભૂમિકા ભજવશે. સિરિયલના અન્ય કલાકારો માટે ઓડિશનની પ્રક્રિયા અંધેરીમાં કેટલાક સ્ટુડિયો ખાતે હાથ ધરવામાં આવી ચુકી છે. ગયા વર્ષે અમિતાભે કેટલાક ટીવી ચેનલના નિર્માતાઓ સાથે વાતચીત કરી હતી અને દરરોજ રજુ થતી સિરિયલમાં કામ કરવાની ઈચ્છા દર્શાવી હતી જો કે એ વખતે આ વાત આગળ વધી ન હતી. મહાકાય પ્રોજેક્ટ હાથ ધરવાની તૈયારી ચાલી રહી છે. પ્રોજેક્ટમાં નાણાંને લઈને રકમ સ્પષ્ટ થઈ નથી. દરેક એપિસોડમાં અમિતાભની ઉપસ્થિતિ રહેશે. પ્રોડકશનને પ્રોત્સાહન આપવા અમિતાભ તમામ પ્રયાસો કરશે. અમિતાભ બચ્ચન પોતાને વ્યસ્ત રાખવા હમેશા તૈયાર રહે છે. આ વર્ષે અમિતાભે હજુ સુધી કોઈ મોટી ફિલ્મો સાઈન કરી નથી. આરોગ્યને લઈને હમેશા ચિંતા રહી છે. હવે ટેલિવિઝન મારફતે તેઓ લોકો સુધી પહોંચવા માંગે છે. કેબીસીમાં અમિતાભને અભૂતપૂર્વ લોકપ્રિયતા મળી હતી. કયા ચેનલ પર સિરિયલ આવશે તે અંગે પણ હજુ કોઈ વાત આગળ વધી નથી.

ડ્યુટીમાં ચોરીને રોકવા ટેરીફ સંબંધિત અનેક પગલાં લેવાશે

કસ્ટમ ડ્યુટીના રેટમાં વધુ સુધારા કરીને કેમિકલ્સ અને એન્જીનીયરીંગ સેક્ટરમાં ડ્યુટી ચોરી રોકવા પ્રયાસ થશે

નવી દિલ્હી,તા. ૧૩

દેશમાં નિકાસને પ્રોત્સાહન આપવા તથા સ્થાનિક મેન્યુફેક્ચરીંગ સેક્ટરને પ્રોત્સાહન આપવાના હેતુસર ડ્યુટી ક્રચોરીની સમસ્યાને ટાળવા આગામી બજેટમાં નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ કેટલા ટેરીફ સંબંધિત પગલાંઓની જાહેરાત કરી શકે છે. ડ્યુટીમાં ચોરીના કિસ્સાઓ તાજેતરના સમયમાં વધ્યા છે. જાણકાર સૂત્રોનું કહેવું છે કે સ્થાનિક ઉત્પાદનને વધારવા તથા મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં આના લીધે નવા પ્રાણ ફૂંકાશે. ડ્યુટી, ક્રચોરીનો મૂળભૂત મતલબ એ છે કે રો મેટેરીયલ અને અન્ય ચીજવસ્તુઓ પર ફિનિસ્ડ પ્રોડક્ટ કરતા વધુ ટેક્સ હોય છે. બજેટમાં કસ્ટમ ડ્યુટી રેટમાં સુધારા કરીને આ મુદ્દાને હાથ ધરવામાં આવશે. કેટલાક ટેરીફ પગલાંઓ આ વર્ષના બજેટમાં લેવામાં આવનાર છે. જુદી જુદી નિકાસ બઢતી કાઉન્સીલ દ્વારા એવું ધ્યાન દોરવામાં આવ્યું છે કે ડ્યુટી ચોરીના કિસ્સાઓમાં વધારો થયો છે જેથી સરકાર આ બાબતને દૂર કરવા પ્રયત્નશીલ બનેલી છે.

ખાસ કરીને કેમીકલ અને એન્જીનીયરીંગ સેક્ટરોમાં પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સ્થાનિક પ્રોડકશનને પ્રોત્સાહન આપવા અને મેન્યુફેક્ચરીંગને વધુ વેગ અપાશે. આનાથી નિકાસને પણ પ્રોત્સાહન મળશે. નેશનલ મેન્યુફેક્ચરીંગ પોલીસી પણ તૈયાર કરવામાં આવી રહી છે. આ પોલીસી એક વર્ષ પહેલાં તૈયાર થઈ હતી પરંતુ મૂડીરોકાણકારો તરફ પૂરતું ધ્યાન અપાયું ન હતું. ટેક્સ રાહતો અપાઈ હોવા છતાં આ યોજના ફ્લોપ રહી હતી. મેન્યુફેક્ચરીંગ પોલીસી હેઠળ સરકારે નેશનલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ મેન્યુફેક્ચરીંગ ઝોનની રચના કરવા દરખાસ્ત મૂકી હતી. વર્ષ ૨૦૨૦ સુધી આ સેક્ટરની હિસ્સેદારી જીડીપીના ૨૫ ટકા સુધી લઈ જવાની આમા યોજના હતી જે હાલમાં ૧૬ ટકા છે. આ ગાળા દરમિયાન ૧૦ કરોડ લોકોને રોજગારી આપી પોલીસી હેઠળ સરકારે ડ્યુટી માળખામાં તપાસ કરવા નેશનલ મેન્યુફેક્ચરીંગ કાઉન્સીલને સત્તા આપવામાં આવી હતી.

વિરપ્પાના ચાર સાગરિતોની દયાની અરજી પ્રણવે ફગાવી

ચેન્નઈ,તા. ૧૩

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ સુરંગ બ્લાસ્ટ કેસમાં મૃત્યુદંડની સજાનો સામનો કરી રહેલા વિરપ્પનના ચાર સાગરિતોની દયાની અરજીને ફગાવી દીધી છે. વકીલ એસ બાલામુરુગને આ મુજબની વાત કરી છે. તમિળનાડુ પીયુસીએલના રાજય સચિવ બાલામુરુગને કહ્યુ છે કે અમને એવી વિશ્વસનિય માહિતી મળી છે કે આ સંદેશો બેલગામ જેલ સત્તાવાળાઓને મોકલી દેવામાં આવ્યો છે અને કેદીઓ સુધી પણ સમાચાર પહોંચાડી દેવામાં આવ્યા છે. કુખ્યાત ચંદનચોર વિરપ્પન ઓક્ટોબર ૨૦૦૪માં સ્પેશિયલ ટાસ્ક ફોર્સના તમિળનાડુ પોલીસ સાથેની અથડામણમાં ઠાર થયો હતો. ચાર આરોપીઓને જાન્યુઆરી ૨૦૦૪માં સુપ્રીમ કોર્ટે મૃત્યુદંડની સજા ફટકારી હતી. ૧૯૯૩માં આંતરરાજ્ય સરહદ નજીક કર્ણાટકમાં પાલર ખાતે ભૂમિ સુરંગ બ્લાસ્ટ કેસમાં ૨૧ પોલીસ જવાનો માર્યા ગયા હતા. મૈસુરની કોર્ટ દ્વારા આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી પરંતુ સરકારે સુપ્રીમ કોર્ટમાં રજુઆત કરી હતી. સુપ્રીમ કોર્ટે ત્યારબાદ મૃત્યુદંડની સજા ફટકારી હતી. ૨૦૦૪ બાદથી દયાની અરજી પેન્ડિંગ હતી. જસ્ટિસ વાયકે સબરવાલ અને જસ્ટિસ બીએન અગ્રવાલની બનેલી ડિવિઝન બેંચે આજીવન કારાવાસની સજાને મૃત્યુદંડમાં ફેરવી કાઢી હતી.

નિરામય (પાના નં. ૪ નું ચાલુ)

શરદી - ઉધરસ :

સવાર-સાંજ આદુના રસને મધ સાથે આપવો તેમજ રીકાશવાળી - ગળ્યી વસ્તુઓ ખોરાક પેટે બંધ કરવી.

તાવ ફ્લૂ :

આમા શક્ય હોય તો દર્દીને ઉકાળેલ ગરમ પાણી પર રાખવો, કે મગનું ઓસામણ આપવું તથા તેની સાથે આદુના રસને મધ સાથે આપવો. આ ઉપરાંત આદુના રસને ગરમ પાણીમાં ઓછી માત્રામાં નાખી તેના કોગળા કરાવવા આથી ગળુ, મોં, જીભ વગેરે સ્વચ્છ થશે.

અજીર્ણ :

ભારે ખોરાક છોડી દઇ, હળવો ખોરાક લેવો, તેની સાથે આદુનો રસ, લીંબુનો રસ, તેમજ સંચળના મિશ્રણને દિવસમાં બે વખત લેવું.

સાંધાનો દુખાવો :

આમા આદુના રસને તલનાં તેલમાં નાખી ગરમ કરવો, જયારે રસ બળી જાય ત્યારે તેલ, જરા ગરમ હોય ત્યારે સાંધા પર હળવે હાથે લગાડવું.

આ ઉપરાંત નાક બંધ હોય કો આદાશીસી હોય તેમાં આદુના રસ તેમજ મધને ગરમ પાણીમાં મેળવી તેનું નષ્ય (નાકમાં બે-બે ટીપા) કરવાનું સૂચન છે. શિળસ કે શરીરના સોજામાં આદુના રસ અને એક વર્ષ જૂના ગોળ સાથે લેવાનું સૂચન છે. જો કફ પ્રકૃતિનો વ્યક્તિ હોય તો તે આદુનું વર્ષ પર્યન્ત નિયમિત સેવન કરી શકે. આદુ આવી વ્યક્તિ માટે રસાયણ સ્વરૂપ છે.

આમ, આદુના આવા ઘરગથ્થુ ઉપચારો વડે ઘણાં ખરાં સામન્ય રોગોમાં રાહત થાય છે. હવે જયારે પણ જરૂર પડે. ઉપરોક્ત ઉપાયો અજમાવી જોજો...

દેશમાં વેલેન્ટાઈન ડે માર્કેટનું કદ વધીને ૧૫ અબજ રૂપિયા

નવી દિલ્હી,તા. ૧૩

ઉદ્યોગ સંસ્થાએ કહ્યુ છે કે ભારતમાં વેલેન્ટાઈન ડે માર્કેટનું કદ વધીને ૨૭ મિલિયન ડોલર અથવા તો ૧૫ અબજ રૂપિયાની સપાટીએ પહોંચી ગયુ છે. મોટા મેટ્રોમાં ૮૦૦થી વધુ કારોબારીઓને આવરી લઈને કરવામાં આવેલા સર્વેના આધાર પર આ બાબત જાણવા મળી છે. ૧૫૦ શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦૦ વિદ્યાર્થીઓને પણ આના ભાગરૂપે આવરી લેવામાં આવ્યા હતા. એસોસિએટ ચેમ્બરર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ(એસોચેમે) કહ્યુ છે કે વેલેન્ટાઈન ડે માર્કેટનું કદ સતત વધી રહ્યુ છે. માત્ર એક દિવસના કારોબારથી ગણતરી કરાતી નથી પરંતુ સમગ્ર સપ્તાહ દરમિયાન વેલેન્ડાઈન ડેની ઉજવણી કરવામાં આવે છે. સાતમી ફેબ્રુઆરીથી રોઝ ડેની શરૂઆત થાય છે. ત્યાર બાદ પ્રપોઝલ ડે, ચોકલેટ ડે, ટેડી ડે, પ્રોમિસ ડે, કિસ ડે, હગ ડે અને વેલેન્ટાઈન ડે હોય છે. આમાં જણાવવામાં આવ્યુ છે કે પુરુષો વેલેન્ટાઈન ડે માટે મહિલાઓ કરતા વધુ રકમ ખર્ચ કરે છે. કોલ સેન્ટરમાં કામ કરતા યુવાનો, આઈટી કંપનીમાં કામ કરતા લોકો અને મોટી કોર્પોરેટ કંપનીઓ ગિફ્ટ પર ૨૦ ડોલરથી લઈને ૧૦૦૦ ડોલર સુધીનો ખર્ચ કરે છે. આનો મતલબ એ થયો કે ૧૦૦૦ રૂપિયાથી લઈને ૫૦૦૦૦ રૂપિયા સુધીનો ખર્ચ ગિફ્ટ પર કરવામાં આવે છે. જ્યારે વિદ્યાર્થીઓ ૫૦૦થી ૧૦૦૦૦ રૂપિયા સુધીનો ખર્ચ કરે છે. એસોચેમના સેક્રેટરી જનરલ બીએસ રાવતે કહ્યુ છે કે વેલેન્ટાઈન ડેના સપ્તાહ દરમિયાન ખર્ચ ગયા વર્ષની સરખામણીએ ૨૦ ટકા વધી ગયો છે જે ગયા વર્ષે ૧૨૦૦૦ કરોડનો હતો. વેલેન્ટાઈન ડે હવે મોટા ખરિદારીના તહેવાર તરીકે છે. ખરીદીમાં ચારથી પાંચ વર્ષમાં ઉલ્લેખનીય વધારો થયો છે. ફ્લાવર્સ અને જવેલરી સૌથી પસંદગીની ગિફ્ટો તરીકે ઉભરી આવી છે. પરંતુ મેટ્રોમાં નવા પ્રવાહ પણ જોવા મળી રહ્યા છે. વેલેન્ટાઈન

ડેના દિવસે ટુર પેકેજની ઓફર પણ કરવામાં આવે છે. જેમાં ૫૦૦૦ રૂપિયાથી લઈને ૫૦૦૦૦ રૂપિયા સુધીનો સમાવેશ થાય છે. જેના ભાગરૂપે કેરળ, ગોવા, નેનિતાલ, માઉન્ટ આબુ, દહેરાદુન, મસુરી, સિમલા, બેંગકોક, સિંગાપોરનો સમાવેશ થાય છે. મોટાભાગની રકમ હજુ પણ ગ્રિટિંગ કાર્ડ, ફ્લાવર્સ, ચોકલેટ, જવેલરી, સેલફોન અને અન્ય કિંમતી ચીજવસ્તુઓ પર ખર્ચ કરવામાં આવે છે. બીપીઓમાં કામ કરતા એક કર્મચારીએ કહ્યુ છે કે તેઓએ તેમની ગર્લફ્રેન્ડ માટે ડાયમંડ રિંગની ખરીદી કરી છે.

ફ્લાવરની દુકાનોમાં કારોબાર લાખો રૂપિયા સુધી પહોંચે છે. હોલસેલ ફ્લાવર ઈન્ડસ્ટ્રીઝમાં ગયા વર્ષે વેલેન્ટાઈન ડે દરમિયાન વેચાણ કરોડોમાં પહોંચ્યો હતો. ચોકલેટ કેકના કારોબારમાં પણ વધારો થયો છે. આર્ચીસ લિમિટેડમાં કાર્ડ અને ગિફ્ટ વસ્તુઓનું વેચાણ વધી જાય છે. વેલેન્ટાઈન ડેના દિવસે જુદા જુદા પ્રકારના ૧૫૮થી વધુ નવી ડિઝાઈનના કાર્ડ આ વખતે માર્કેટમાં આવ્યા છે. પુરુષો માટે સૌથી વધુ પસંદગીની ગિફ્ટોમાં સિલ્ક ટાઈ, કેચેઈનનો સમાવેશ થાય છે જ્યારે મહિલાઓ જવેલરી, ગારમેન્ટ અને ગેજેટ વધુ પસંદ કરે છે.

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ફરીવાર વધારો ઝીંકવા નિર્ણય

નવી દિલ્હી,તા. ૧૩

સામાન્ય લોકોને વધુ નાણાં ચુકવવા માટે તૈયાર થઈ જવાની જરૂર છે કારણ કે ઓઈલ કંપનીઓએ પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા એક અને ડિઝલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ૫૦ પૈસાનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

આ સપ્તાહમાં જ ભાવ વધારો અમલી બનાવવામાં આવે તેવી શક્યતા છે. હાલમાં નિર્ણય કરાયો છે પરંતુ વધારો અમલી શનિવાર સુધી કરવામાં આવે તેવી શક્યતા છે. દેશની સૌથી મોટી ફ્યુઅલ રિટેલર કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના ચેરમને આરએસ બુટોલાએ આ મુજબની જાહેરાત કરી છે. પેટ્રોલની કિંમત છેલ્લે ૧૮મી જાન્યુઆરી ૨૦૧૩ના દિવસે ફ્યુઅલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. ઓઈલ કંપનીના બોર્ડ સભ્યએ આ અહેવાલને સમર્થન આપતા જણાવ્યું છે કે પેટ્રોલ પર ફરી નુકસાન થવાની શરૂઆત થઈ ચુક્યુ છે જેથી સ્થાનિક વેચાણ કિંમતમાં વધારો કરવાની જરૂર પડી રહી છે. ડિઝલમાં અમને દર મહિને ૪૦થી ૫૦ પૈસાનો વધારો કરવા સરકારની મંજુરી પહેલાથી જ મળી ગઈ છે જેથી અમે આંતરરાષ્ટ્રીય કિંમતો સાથે કિમતો સમતુલિત ન બને ત્યાં સુધી આ નિર્ણય મુજબ આગળ વધીશુ. ઓઈલ કંપનીઓને ડિઝલના વેચાણ પર લીટરદીઠ ૯.૨૨ રૂપિયાનું નુકશાન થઈ રહ્યુ છે જ્યારે કેરોસીનના વેચાણ પર લીટરદીઠ ૩૧.૬ રૂપિયાનું નુકશાન થઈ રહ્યુ છે આવી રીતે સિલિન્ડર પર ૪૮૧ રૂપિયાનું નુકશાન થઈ રહ્યુ છે. રૂપિયાની દૃષ્ટિએ ફુડ ઓઈલની કિંમત ૧૨મી ફેબ્રુઆરી ૨૦૧૩ના દિવસે અનેકઘણી વધી ગઈ છે. બેંચમાર્ક આંતરરાષ્ટ્રીય કિંમતો છેલ્લા એક મહિનામાં મજબુત રહી છે.

સમાચાર ઝલક

- **દેશમાં ૫૦% સ્માર્ટ ફોન યુઝર્સ નાની વયના.**
- **અર્થતંત્રની કફોડી હાલત, ઔદ્યોગિક ઉત્પાદન ઘટ્યું, ફુગાવો મોંઘવારી વધ્યા.**
- **ભાવનગરનો કેબલ સ્ટેડ પુલ ૬ માસ અગાઉ ખુલ્લો મુકાયેલો તે, ક્ષતિગ્રસ્ત થતાં બંધ કરાયો.**
- **૨૦૨૦ની ઓલમ્પિકમાંથી કુસ્તી આઉટ.**
- **ક્રિકેટર ચેતેશ્વર પુજારાએ પૂજા સાથે પ્રભુતાના પગલાં પાડ્યાં**
- **પોરબંદરના શીશલીમાં પ્રેમીને પામવા પતિને જીવતો સળગાવી મારતી પત્ની.**
- **મોરબીમાં કર્મચારીને ૧૦ ફુટ સુધી ટસડી ત્રણ લાખ રોકડની લૂંટ.**
- **ઢોકળા-રોટલી-પરોઠા-સમોડા એ ઉત્પાદક પ્રવૃત્તિ છે, કરવેરાને પાત્ર નથી : ચુકાદો**
- **યોગાનુયોગ ૭૫ વર્ષ બાદ વસંતપંચમી અને વેલેન્ટાઇડ ડે એક જ દિવસે, પાંચ કરોડ રૂા.ના ડચ ગુલાબ વેચાશે.**
- **ચિદમ્બરમ્ બજેટમાં આમ આદમીને વધુ રાહત આપે તેવી શક્યતા.**
- **દેશમાં કાર કરતાં બાઇકના વેચાણમાં તેજી.**
- **પેટ્રોલ-ડિઝલમાં ભાવવધારો થવાની તૈયારીમાં.**
- **ગુજરાતમાં ૧૧૧૧ વ્યક્તિઓ સામે ફક્ત એક પોસીલ કર્મચારી.**
- **ધીમા પગલે ઉનાળાનું આગમન, ઠંડી હોળી તાપવા ન રોકાઇ.**
- **રિટર્ન નહીં ભરનાર પાન ધારકો સામે લાલ આંખ.**
- **થાઇલેન્ડમાં ૧૦૦ આતંકવાદીઓએ સૈન્ય પર હુમલો કર્યો.**
- **સાબરમતી જેલમાં આતંકવાદી કેદીઓનો આતંક હતો, જેલ સ્ટાફ લાચાર હતો.**
- **સુરતમાં રીક્ષા હડતાળ ઉગ્ર.**